# શ્રી આર.જી.દેવધરા, ન્યાયાધીશ, કામદાર વીમા અદાલત, અમદાવાદ સમક્ષ.

## ઈ.એસ.આઈ.અરજી નં.૨૯/૨૦૨૫

**અરજદાર : વીરકૃપા ફેબ્રીકેટર્સ ના માલિક વિઠ્ઠલભાઈ એમ. પંચાલ**
પ્લોટ નં.૩૭૬૫, જી.આઈ.ડી.સી. ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ,
કાવેરી એસ્ટેટ પાસે, ફેઝ–૪, વટવા, જી.આઈ.ડી.સી., અમદાવાદ

**વિરૂધ્ધ,**

**સામાવાળા : ઈ.એસ.આઈ. કોર્પોરેશન,**
પંચદીપ ભવન, આશ્રમ રોડ, અમદાવાદ.

**હાજર રહયા:–**

અરજદાર તરફે : વિધ્વાન વકીલશ્રી પી.આઈ.શાહ
સામાવાળા તરફે : વિધ્વાન વકીલશ્રી એ.જે.રાવલ

**–:: આંક–ર હેઠળ હુકમ ::–**

**૧.** અરજદારે હાલની અરજી કામદાર રાજય વીમા ધારો, ૧૯૪૮ (કે જેનો હવે પછી ટુંકમાં 'ઈ.એસ.આઈ. એકટ તરીકે ઉલ્લેખ કરેલ છે) ની કલમ–૭૫ મુજબ આંક–ર થી વચગાળાની મનાઈ અરજી સાથે સામાવાળા કોર્પોરેશનના અધિકારીએ તા.૧૭/૭/૨૦૨૪ ના રોજ ઈ.એસ.આઈ. કાયદાની કલમ–૪૫(એ) મુજબનો હુકમ ફાળાની રકમ રૂા.ર,૬૬,૨૨૮/– અંગેની વસુલાતની કાર્યવાહી સામાવાળા કોર્પોરેશન ધ્વારા કરે–કરાવે નહીં તેવો મનાઈ હુકમ આપવાને અરજ ગુજારેલ છે.

**૨.** અરજદારની મુળ અરજી તથા આંક–ર ની મનાઈ અરજીના સમર્થનમાં સોગંદનામું તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ થયેલ જે ધ્યાનમાં લીધા તથા બંને પક્ષકારોના વિધ્વાન વકીલશ્રીઓને સાંભળ્યા.

**૩.** આ કામે આંક–ર હેઠળ અંતરીમ આદેશ કરી અરજદારને તા.૧૭/૭/૨૦૨૪ ના રોજ ઈ.એસ.આઈ. કાયદાની કલમ–૪૫(એ) ના હુકમ મુજબની વસુલાતની કાર્યવાહી

સંદર્ભે ઉપરોકત રકમના ૫૦% રકમ (રાઉન્ડફીગર) રૂા.૧,૩૩,૧૨૦/– ની રકમ સામાવાળા કોર્પોરેશન અથવા અત્રેની કચેરી સમક્ષ જમા કરાવવા અંગેના હુકમના સંદર્ભે અરજદારે આંક–૭ ની પુરશીશ રજૂ કરી જાહેર કરેલ છે કે, તેઓએ ઉપરોકત હુકમ મુજબ રૂા.૧,૩૩,૧૨૦/– ની રકમ ચેકથી (ચેક નં.૫૦૦૯૪૧, આઈ.સી.આઈ.સી બેન્ક) તા.૦૯/૦૪/૨૦૨૫ ના સામાવાળા કોર્પોરેશન સમક્ષ જમા કરી દીધેલ છે.

ઉપરોકત હકીકત અને બન્ને વિદ્વાન વકીલશ્રીઓની રજુઆતો ધ્યાને લેતાં અરજદારની આંક–૨ ની અરજીના પેરા–૪ માં માંગ્યા મુજબની દાદ આંક–૧ અરજીની ફાઈનલ સુનાવણી સુધી અરજદાર વિરુઘ્ધ ઉપરોકત રીકવરીની કાર્યવાહી સામે વચગાળાનો મનાઈ હુકમ આપવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**અમદાવાદ.**
**તા.૨૨/૦૮/૨૦૨૫**

**(રાજદીપસિંહ ગુમાનસિંહજી દેવધરા)**
ન્યાયાધીશ,
કામદાર વીમા અદાલત,
અમદાવાદ.
કોડ નં.જીજે૦૦૪૪૨

***P V Chudasama,P.S***